
# Culture of Seaweed (Kappaphycus)

# સમુદ્રી શેવાળ (કપ્પાફાયકસ) નો ઉછેર

*કપ્પાફાયકસ અલ્વરેઝી* એ રોડોફાયસી (લાલ લીલ) પ્રકારની શેવાળછે. *કપ્પાફાયકસ અલ્વરેઝી* નો ઉછેર તરાપા પધ્ધત્તિથી ખુલ્લા સમુદ્ર અથવાતો આંતરભરતીય વિસ્તારમાં કરવામા આવે છે. જેમાં દરીયાના પાણીની સેલીનીટી ૨૯ થી ૩૬ પીપીટી હોય તેવા પાણીમા આ શેવાળ માત્ર ૪૫ દિવસના અંતે પાંચ ગણી વિકાસ પામે છે. કપ્પાફાયકસ માંથી અગત્યનો ફાઇકોકોલોઇડ કેરાજીનન મળે છે.



| | |
|---|---|
| <br>વાંસ ના તરાપાની બનાવટ | વાંસ ના ૧૫ મી X ૧૫ મી ના ચાર ટુકડાઓ લઇ તેને બાજુમાં દર્શાવ્યા અનુસાર બોલ્ટ વડે જોડી એક, ચોરસ ચોગઠુ બનાવવામાં આવે છે. જેને રાફ્ટ કહેવામાં આવે છે. |
| <br>શેવાળ બાંધવા માટે બનાવાતી ગાંઠ | ઉપર દર્શાવ્યા મુજબ મોનોફીલામેન્ટ ની દોરી વડે 3 એમ. એમ ની દોરી પર લુપ બનાવવમાં આવે છે. જેમાં શેવાળના ટુકડાઓ બાંધવામાં આવે છે. |
| <br>પોલી પ્રોપીલીન દોરી પર લુપ વડે શેવાળની બાંધણી | લુપમાં શેવાળના ટુકડાઓને બાંધવામાં આવે છે. |

| | |
|---|---|
|  તરાપા પર શેવાળની બાંધણી | શેવાળ સાથેની દોરીઓ ને આ રીતે રાફ્ટ (તરાપો) પર બાંધવામાં આવે છે. |
|  સમુદ્રમાં તરાપા | આ રીતે તૈયાર થેયેલ તરાપાને આંતર ભરતીય વિસ્તારમાં સમુદ્રના પાણીમાં તરતા રાખવામાં આવે છે. જે માટે તેને એન્કરથી બાંધવામાં આવે છે. |
|  સંપુર્ણ વિકસીત શેવાળ | આ તરાપાની શેવાળ ૪૫ દિવસમાં ૫ થી ૬ ગણો વિકાસ પામે છે, જેને ઉપર થી કાપી, ફરી આ તરાપાને સમુદ્રમાં વધું ઉછેર માટે મુકવામાં આવે છે.  આમ, તરાપો બનાવવાની જરુરીઆત એક જ વખત રહે છે. |